# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-10-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

******************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આંધ્રપ્રદેશના પ્રવાસે

2) રાષ્ટ્રમંડળ રમત કારોબારી બોર્ડે વર્ષ-2030ની રાષ્ટ્રમંડળ રમતોનું આયોજન ગુજરાતના અમદાવાદમાં કરવા ભલામણ કરી

3) શ્રીલંકાના પ્રધાનમંત્રી હરિની અમરાસૂર્યા આજે બે દિવસની સત્તાવાર મુલાકાત માટે ભારત આવશે

4) આરબીઆઇના ગવર્નર સંજય મલ્હોત્રાએ જણાવ્યું છે કે ૫૦ ટકા યુએસ ટેરિફ ભારતના વિકાસ માટે મોટી ચિંતાનો વિષય નથી

5) વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડના ઉચા જતા સ્તર અંગે ચિંતા વ્યક્ત કરતું વિશ્વ હવામાન સંગઠન

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# REV. PM-ANDHRA PRADESH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે આંધ્રપ્રદેશની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન, શ્રી મોદી બપોરે કુર્નૂલમાં લગભગ 13 હજાર 430 કરોડ રૂપિયાના અનેક વિકાસ પરિયોજનાઓનું ઉદ્ઘાટન, શિલાન્યાસ અને રાષ્ટ્રને સમર્પિત કરશે. આ યોજાઓ ઉદ્યોગ, વીજ ટ્રાન્સમિશન, રસ્તાઓ, રેલ્વે, સંરક્ષણ ઉત્પાદન અને પેટ્રોલિયમ અને કુદરતી ગેસ સહિતના મુખ્ય ક્ષેત્રોમાં ફેલાયેલા છે, જે રાજ્યમાં પ્રાદેશિક માળખાગત સુવિધા વધારવા, ઔદ્યોગિકીકરણને વેગ આપવા અને સમાવિષ્ટ સામાજિક-આર્થિક વિકાસને આગળ ધપાવવાની સરકારની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. શ્રી મોદી આ પ્રસંગે એક જાહેર સભાને પણ સંબોધિત કરશે. પ્રધાનમંત્રી નંદ્યાલ જિલ્લાના શ્રીશૈલમ સ્થિત શ્રી ભ્રમરમ્બા મલ્લિકાર્જુન સ્વામી વરલા દેવસ્થાનમમાં પૂજા અને દર્શન પણ કરશે. તેઓ શ્રીશૈલમમાં શ્રી શિવાજી સ્ફૂર્તિ કેન્દ્રની પણ તેઓ મુલાકાત લેશે.

# COMMONWEALTH

રાષ્ટ્રમંડળ રમત કારોબારી બોર્ડે વર્ષ-2030ની રાષ્ટ્રમંડળ રમતોનું આયોજન ગુજરાતના અમદાવાદમાં કરવા ભલામણ કરી છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ આ ભલામણને નવેમ્બરમાં યોજાનારી રાષ્ટ્રમંડળ રમતોની સામાન્ય સભામાં રજૂ કરાશે.

પ્રસ્તુત છે એક વિશેષ અહેવાલ.....

(VOICE CAST: KUMAR-KHEL)

# SL PM INDIA VISIT

શ્રીલંકાના પ્રધાનમંત્રી હરિની અમરાસૂર્યા આજે બે દિવસની સત્તાવાર મુલાકાત માટે ભારત આવશે, પદ સંભાળ્યા બાદ તેમનો આ પહેલો ભારત પ્રવાસ હશે.

સાંભળીએ એક અહેવાલ ..

(V/C- AHMAD-FAROOQI-SHRILANKA)

# GST REFORMS DELHI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલ અને ગયા મહિનાની 22મી તારીખે અમલમાં મૂકાયેલો GST બચત ઉત્સવ સમાજના તમામ વર્ગોને લાભ આપી રહ્યો છે.

પ્રસ્તુત છે GST સુધારા અંગેનો દિલ્હીનો એક વિશેષ અહેવાલ.....

(VOICE CAST: SAUMYA GST)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# US TARIFFS-RBI GOVERNOR

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના ગવર્નર સંજય મલ્હોત્રાએ ભારપૂર્વક જણાવ્યું કે, ભારત પર ૫૦ ટકા યુએસ ટેરિફ ભારતના વિકાસ માટે મોટી ચિંતાનો વિષય નથી. વોશિંગ્ટન, ડીસીમાં આઈએમએફ-વર્લ્ડ બેંકની બેઠકો દરમિયાન એક કાર્યક્રમમાં બોલતા, શ્રી મલ્હોત્રાએ કહ્યું કે ભારતનો સ્થાનિક-સંચાલિત અર્થતંત્ર તરીકેનો દરજ્જો યુએસ ટેરિફની નકારાત્મક અસરને નહિવત કરે છે.

ભારતીય વેપાર વાટાઘાટ ટીમ યુએસ અધિકારીઓ સાથે ચર્ચાના આગામી રાઉન્ડ માટે વોશિંગ્ટનમાં પહેલેથી જ છે. આરબીઆઈ ગવર્નરે એમ પણ કહ્યું કે તેઓ વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે ભારતીય વાટાઘાટ ટીમના સભ્યોને મળ્યા હતા.

ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લાદવામાં આવેલા ૫૦ ટકા ટેરિફ વધારા છતાં, ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ છ મહિનામાં ભારતની અમેરિકામાં નિકાસ વધીને

૪૫.૮૨ અબજ ડોલર થઈ છે, જે ગયા વર્ષના સમાન સમયગાળામાં ૪૦.૪૨ અબજ ડોલરના સંબંધિત આંકડા કરતાં ૧૩.3 ટકાનો વધારો દર્શાવે છે.

# WMO - CO2

વિશ્વ હવામાન સંગઠનએ જણાવ્યું કે વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડનું સ્તર અત્યાર સુધીના સૌથી વધુ સ્તરે પહોંચી ગયું છે, જે ગ્રહને વધુ ગરમ કરી શકે છે અને આબોહવાને અસર કરી શકે છે.

WMOના એક નવા અહેવાલમાં 2023 થી 2024 દરમિયાન CO2ની વૈશ્વિક સરેરાશ સાંદ્રતા પ્રતિ મિલિયન 3.5 ભાગ વધી છે, જે 1957માં આધુનિક માપન શરૂ થયા પછીનો સૌથી મોટો વધારો છે. આ અહેવાલ આવતા મહિને બ્રાઝિલમાં યોજાનારી સંયુક્ત રાષ્ટ્રની આબોહવા પરિવર્તન પરિષદ પહેલા પ્રકાશિત કરવામાં આવ્યો છે.

અહેવાલમાં જણાવાયું છે કે, અશ્મિભૂત ઇંધણ બાળવા અને જંગલની આગમાં વધારો, ખાસ કરીને દક્ષિણ અમેરિકામાં, છેલ્લા વર્ષમાં CO2ના સ્તરમાં વધારો આવી ઘટનાઓમાં જવાબદાર છે. WMOના ડેપ્યુટી સેક્રેટરી-જનરલ કો બેરેટે જણાવ્યું કે, CO2 અને અન્ય ગ્રીનહાઉસ વાયુઓ દ્વારા ફસાયેલી ગરમી આપણા વાતાવરણને ટર્બો-ચાર્જ કરી રહી છે અને વધુ આત્યંતિક હવામાન તરફ દોરી રહી છે. અન્ય મહત્વપૂર્ણ ગ્રીનહાઉસ વાયુઓ, મિથેન અને નાઇટ્રસ ઓક્સાઇડની સાંદ્રતા પણ રેકોર્ડ સ્તરે પહોંચી ગઈ છે.

# ICC WOMEN'S WORLD CUP

ICC મહિલા ક્રિકેટ વર્લ્ડ કપમાં, આજે ઓસ્ટ્રેલિયા વિશાખાપટ્ટનમમાં બાંગ્લાદેશ સામે ટકરાશે. મેચ બપોરે 3 વાગ્યે શરૂ થશે.

જ્યારે ગઈકાલે કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાયેલી પાકિસ્તાન અને ઇંગ્લેન્ડ વચ્ચેની મેચ વરસાદને કારણે રદ થઇ હતી. બંને ટીમોને એક-એક પોઈન્ટ આપવામાં આવ્યો. પાકિસ્તાન માટે આ એક મોટો ફટકો હતો કારણ કે તેઓ ટુર્નામેન્ટમાં હજુ સુધી એક પણ મેચ જીતી શક્યા નથી.

વરસાદના કારણે પ્રથમ ઇનિંગમાં વિક્ષેપ પડ્યો, મેચ ઘટાડીને 31 ઓવર કરવામાં આવી. ઇંગ્લેન્ડે નવ વિકેટે 133 રન બનાવ્યા અને ડકવર્થ-લુઇસ-સ્ટર્ન (DLS) પદ્ધતિ હેઠળ, પાકિસ્તાનને 113 રનનો લક્ષ્યાંક મળ્યો. જેના જવાબમાં પાકિસ્તાને સાત ઓવરમાં કોઈ નુકસાન વિના 34 રન બનાવ્યા અને પછી વરસાદ પડ્યો હતો. સતત વરસાદને કારણે આખરે મેચ રદ કરવામાં આવી.

# J&K - TERROR OPERATIVE

જમ્મુ અને કાશ્મીરમાં કાર્યરત આતંકવાદી નેટવર્ક્સ પર મોટી કાર્યવાહી કરવામાં આવી છે. રિયાસી જિલ્લા પોલીસે પાકિસ્તાન સ્થિત આતંકવાદી ઓપરેટિવ, મોહમ્મદ શરીફ મિરાસી, જે મૂળ જિલ્લાના મહોર તાલુકાના સિલધર ગામનો રહેવાસી છે, તેની મિલકત જપ્ત કરી છે.

શરીફ મિરાસી 2000માં આતંકવાદી રેન્કમાં જોડાયો હતો અને બાદમાં 2010માં ભારત સામે યુદ્ધ કરવાના ઇરાદાથી શસ્ત્રો ખરીદવા અને આતંકવાદી તાલીમ માટે પાકિસ્તાન ગયો હતો.

શરૂઆતમાં હિઝબુલ મુજાહિદ્દીન સાથે જોડાયેલો, તે પછીથી પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા (LeT) સાથે સંકળાયેલો હતો તેણે સરહદ પારથી કેન્દ્રશાસિત પ્રદેશમાં આતંકવાદને પ્રોત્સાહન આપવાનું ચાલુ રાખ્યું.

અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મયુર સોલંકી

- રાજ્યના મોટાભાગના અખબારોએ આજે અમદાવાદમાં કોમનવેલ્થ ગેમ્સના આયોજનના સમાચારને હેડલાઇન બનાવી છે.
- નવગુજરાત સમય લખે છે અમદાવાદને 2030 કોમનવેલ્થ ગેમ્સની યજમાની હાથવેંતમાં
- ગુજરાત સમાચાર પ્રથમ પાને લખે છે-અફઘાન-તાલિબાન સામે પાકિસ્તાન ઝૂક્યું-48 કલાક માટે શસ્ત્રવિરામ જાહેર-
- સર્વોચ્ચ અદાલતના ચુકાદાને ટાંકીને ફૂલછાબ લખે છે-વ્હોટ્સએપ મૌલિક અધિકાર નથી
- સંદેશ લખે છે-બિહાર ચૂંટણીની જાહેરાત પછી ચૂંટણી પંચે ત્રણ દિવસમાં 33.97 કરોડ જપ્ત કર્યા
- ઓળખ, રહેઠાણના પુરાવા તરીકે રાશન કાર્ડ હવે અમાન્ય- આ ફૂલછાબની હેડલાઇન છે
- ભારત-ઓસ્ટ્રેલિયા વન-ડે શ્રેણી, વિનુ માંકડ ટ્રોફીમાં ગુજરાતની જીત સહિતના સમાચાર તમામ અખબારોને રમતગમતના પાનાં પર સ્થાન આપ્યું છે